UNITED INTERNATIONAL
GUJARATI CHRISTIAN SOCIETY
NEW YORK & NEW JERSEY
FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN
(A NOT -FOR-PROFIT ORGANIZATION, Estd. 1988)

✟ AMERICAN CHRISTIAN NEWS
✟ અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ
✟ EDITORS: Revs. Snehlata & Anil Patel
✟ Phone # (718) 435-4786╬ email:snehlata@msn.com
✟ Issue-150 Year: 41 માર્ચ- એપ્રિલ ૨૦૨૦

## : પ્રોત્સાહનનું સામર્થ્ય

આપણને ઘણી વાર બતકો(geese)ના ઝુંડો શાંતિથી રસ્તો પસાર કરતાં અથવા આકાશમાં ઉડતાં જોવા મળે છે. તે આપણને પ્રોત્સાહનના સામર્થ્ય વિષે ઘણું બધું શીખવે છે.

આ બતકો ચાળીસથી પચાસ માઇલની ઝડપે V (વી) આકારમાં ઉડે છે. પરિણામે તેઓ એકલા ઉડે તેના કરતાં સિત્તેર ગણુ વધારે ઉડે છે. આપણે માટે શું એવું જ નથી? આપણે જ્યાં છીએ, (કુટુંબ, મંડળી, સમાજ, કાર્યક્ષેત્ર કે પછી શહેર) ત્યાં આપણી સાથે જેઓ છે તેમની સાથે સહકારથી કામ કરીશું તો આપણે કેટલું બધું સિધ્ધ કરી શકીશું? આપણે પોતે ખૂબ જ આગળ આવીશું અને બીજાંઓની ઉન્નત્તિમાં પણ ફાળો આપી શકીશું. સાથે સાથે જે જગ્યાએ આપણે છીએ તેનું નામ પણ આપણે રોશન કરી શકીશું.

બીજી ખાસિયત એ જોવા મળે છે કે તે ઉત્તેજન આપે છે. તે અવાજ (હોન્ક) કર્યા કરે છે. તે અવાજ દ્વારા સાથી બતકોને હરોળમાં રહેવા ઉત્તેજન આપે છે. તે સાથી બતક જો સુસંગતતામાં ન હોય તો તેને તજી દેવા નહિ પણ જૂથમાં જોડાઇ જવા ઉત્તેજન આપે છે કારણ કે એકલા કરતાં જૂથમાં વધારે સલામતિ હોય છે.

અત્યારે કુદરતમાં બનતા બનાવો અને આત્મિક જીવનમાં સમાનતા જોવા મળે છે. જેમકે, અત્યારે ઠંડી, સ્નોનો સમય છે. જમીન થીજી ગઈ છે વૃક્ષો મૃતઃપાય સ્થિતિમાં જોવા મળે છે. ટુંક સમયમાં હવામાનમાં વર્તારો જોવા મળશે; દિવસો લાંબા થતા જાય છે. ઝાડ પર પાંદડાં અને જમીનમાંથી કૂંપળો બહાર આવતી જોવા મળશે. વસંતરૃતુ અંધકાર પછી અજવાળાનો નિર્દેશ કરે છે. તે જ પ્રમાણે આત્મિક જીવનમાં આપણે અત્યારે લેન્ટની સીઝનમાં છીએ. પ્રભુના દુખસહનને વધસ્તંભની યાતના, મરણ વગેરે પ્રાર્થના, ઉપવાસ, આત્મખોજદ્વારા સંભારીએ, પ્રભુની સંગતમાં રહીએ. તેમ કરવાથી પ્રભુ ઇસુના મૃત્યુ પરના વિજયના આનંદમાં સહભાગી બની શકીશું.

જ્યારે આપણે લેન્ટના ગંભીર દિવસોમાં છીએ ત્યારે એકબીજાને બતકની જેમ ઉત્તેજન આપીએ; અને સઘળાની સાથે હળીમળી રહેતાં એકબીજાને મદદરૂપ થઈએ. તેમ કરવાથી આપણે આત્મિક જીવનમાં વૃધ્ધિ પામીશું. .ઇશ્વરપિતાનો આશીર્વાદ તેમનાં બાળકોને નવું જીવન જીવવામાં સહાય કરો; ઇશ્વરપિતાનો આશીર્વાદ જીવનનું શુધ્ધિકરણ કરવામાં અને બીજાંઓને સહાયરૂપ બની પ્રભુની પાસે લાવવામાં સહાયરૂપ બનો.

સ્વામીની દ્રાક્ષાવાડીમાં,

બ્રુકલીન સ્નેહલતા પટેલ

***નિયમીત અને શિસ્તબધ્ધ પ્રાર્થનાનું જીવન વ્યક્તિના આત્મિક અને દૈહિક જીવનનું ઘડતર કરે છે.***

## રસ્તાનો અડચણરૂપ પત્થર કે ઇમારતની ઇંટ?

મુંબઈ શહેરમાં એક મિશનરીને પારસી મિત્ર હતા. આ મિશનરી પોતાના મિત્રને ખ્રિસ્તનો સ્વીકાર કરવા વારંવાર સમજાવતા હતા. તેમનો જવાબ હતો,, "મને જો તમે એક જ સાચો ખ્રિસ્તી બતાવો તો હું ખ્રિસ્તનો સ્વીકાર કરૂં." થોડા સમય બાદ મિશનરી તેમના મિત્રને લઈને અતિશય ગરીબ અને ગંદા વિસ્તારમાં ગયા. ત્યાં તેમણે એક ઝાડુ મારનારને રસ્તાની સફાઇ કરતાં જોયો. સફાઇ થઈ ગઈ અને બપોરનો સમય ભોજનનો વખત હોવાથી તે એક ઝાડના છાંયા તળે બેઠો અને પોતાની પાસે વઘેલો અને વાસી રોટલાનો ટુકડો પોતાની થેલીમાંથી કાઢ્યો. સૌથી પ્રથમ આંખો બંધ કરી ઇશ્વરનો આભાર માન્યો. ત્યારબાદ આ ભાઇ રોટલો સંતોષથી ખાવા લાગ્યા.

પેલા પારસીભાઇ તો આ દૃશ્ય જોઇને દંગ થઈ ગયા. તેમનું કઠિન હ્રદય પીગળી ગયું. તેમણે કબૂલ કર્યું કે, "મારી પાસે પુષ્કળ ખાવાનું અને ધનદોલત છે છતાં હું કદી ઇશ્વરનો આભાર માનતો નથી પણ આ ગરીબ વઘેલા રોટલાને માટે ઇશ્વરનો આભાર માનતાં આનંદથી ખાય છે." તેમણે ખ્રિસ્તનો સ્વીકાર કર્યો..

વહાલાંઓ, અન્યધર્મી લોકો, આપણા બાળકો, જુવાનો વિગેરે આપણા જીવનો જુવે છે. જો તેઓ ખ્રિસ્તને આપણા જીવનમાં જોતા નથી તો આપણે દેવના રાજ્યની વૃધ્ધિમાં તેમના માટે રસ્તાના અડચણરૂપ પત્થર જેવા બનીએ છીએ. પણ જો આપણે નાનામાં નાની વસ્તુમાં પણ જો ઇશ્વરને કેંદ્રસ્થાને રાખીએ તો દેવનું રાજ્ય ફેલાવવામાં ઇંટ સમાન બનીએ છીએ.. લેન્ટનો સમય છે આત્મખોજ કરવાનો, "શું હું સ્વર્ગિય રાજ્યની વૃધ્ધિમાં અડચણરૂપ છું કે પછી સહાયરૂપ?"

ઈસ્ટમેડો, લોંગ આઇલેંડ — એરિક વ્યાસ

### નોંધપાત્ર બાબતો :-

ACN ના ખર્ચને પહોંચી વળવામાં મદદરૂપ થવા.જો તમારે સ્વેચ્છાપૂર્વકનાં દાન અથવા પોસ્ટલ સ્ટેમ્પ્સ આપવા હોય અથવા તમારે ACNની કોપી જોઈતી હોય તો રોબીનભાઈને તમારૂ પોસ્ટલ અથવા ઈ-મેલ એડ્રેસ આપશો. સહકાર બદલ આભાર માનવામાં આવે છે.

**સરનામુ:** 17 Dart Mouth Ave, Avenel, NJ 07001-1804; Phone#917-554-4560.

robin.christian@marriott.com

ન્યુઝપેપરમાં લખાતાં લખાણો માટે તંત્રીઓ જવાબદાર નથી.

**મૃત્યુ નોંધ:** ઘણાં વહાલાંઓએ અનંતકાળિક જીવનમાં પ્રવેશ કરેલો છે. તેઓ સર્વના દુખિત કુટુંબીજનોને ઈશ્ર્વરપિતા તેના દૈવી દિલાસાથી ભરપૂર કરે. તમારી પ્રાર્થનાઓમાં તેઓને ધરી રાખશો .

**સહકાર:** ACNના પ્રકાશનનો મુખ્ય હેતું અમેરિકા દેશના ગુજરાતી ખ્રિસ્તી ભાઈબહેનોને એકબીજાના સંપર્કમાં રાખવા, પારસ્પારિક સુખદુ:ખમાં ભાગીદાર બનાવવા, એકબીજાને પ્રેરણારૂપ થવું, ઈશ્ર્વરના આપેલાં તાલંતોનો ઉપયોગ કરી, ગુજરાતી સમાજને મદદરૂપ અને દોરવણીરૂપ બનવું. તેથી સમાચાર, ખાસ પ્રકારની અનોખી કાર્યપ્રવૃતિ વગેરે જાતની માહિતી પૂરી પાડવાની ગુજરાતી મિત્રો પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

આ સમાચારપત્રના ખર્ચને પહોચી વળવા કોઈપણ

જાતનું ભંડોળ નથી. બધું જ સ્વેચ્છાપૂર્વક કામ કરનાર વ્યક્તિઓ દ્વારા ચાલે છે. જેથી પાનાં વધારવા શક્ય નથી. તેથી આ સમાચારપત્રનો પૂરેપુરો ફાયદો મેળવવા વાંચકમિત્રોને વિનંતી કે પ્રેરણા અને ઉત્તેજનદાયી સમાચાર, સમાજોપયોગી માહિતી **વધુમાં વધુ એક પાનું મોટા સ્વચ્છ અક્ષરમાં** મોકલશો એવી ACN ના પ્રકાશનના હિતમાં અમારી નમ્ર વિનંતી. **જો તમે તમારી કોઇપણ માહિતી ઇ-મેઇલથી મોકલો તો મને ફોનથી પણ જાણ કરશો જેથી તેને ન્યુઝલેટરમાં સમાવી શકાય.**

ACN ને દળદાર તથા માહિતીસભર બનાવવાનો આધાર લેખક મિત્રો પર અવલંબે છે. તેથી દરેક લેખકમિત્રોને મારી નમ્ર વિનંતી કે લેખો મુદ્દાસર હોવા જોઇએ અને એકના એક વાક્યનું વારંવાર પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખવા પ્રયત્ન કરશો મોડામાં મોડું માર્ચ ૨૮ સુધીમાં તમારા લેખ Revs. Patel, 758-47th Street, Brooklyn, NY 11220 એ સરનામા પર મોકલી આપશો તો આભાર. સહકાર બદલ આભાર

**સુધારો**: ગયા અંકમાં દાન આપનારના નામોમાં વિરોનીકાબહેન તથા આશિષભાઇ, ફોર્ડ, ન્યુજર્સી તરફથી ૨૦ ડોલર મળ્યા છે તેને બદલે આશિષ અને **વાયોલિના** $ ૨૦મળ્યા છે તેમ વાંચવુ

## કચ કચ કરવાનાં પરિણામો

કોઇપણ બાબતમાં કચકચ કરવી એ પ્રભુ વિરૂધ્ધ બંડ છે. ઇઝરાયેલી પ્રજાને ઇશ્વરે અજાયબ રીતે અરણ્યમાં માન્ના પુરું પાડ્યુ ત્યારે ઇશ્વરનો આભાર માનવાને બદલે થોડા સમય બાદ તેઓએ કચકચ કરવા માંડી. મુસાએ કુશી સ્ત્રી સાથે લગ્ન કર્યું ત્યારે ભાઇ હારૂન અને બહેન મરિયમે મૂસા વિરૂધ્ધ કચકચ કરી અને મરિયમને તેનું ફળ ભોગવવુ પડ્યુ. જીવનમાંથી કચકચ સદાય કાઢી નાખવા સહાયરૂપ એક લઘુકથા રજૂ કરવામાં આવી છે.

સૃષ્ટિના સર્જનટાણે પ્રાણી, વનસ્પતિ, નભોમંડળ, પક્ષીઓ વિગેરે વિવિધ પ્રકારનું સર્જન કર્યું જેમાં કાગડો અને પોપટનો પણ સમાવેશ થાય છે. પોપટની સરખામણીમાં કાગડો કદરૂપો દેખાતો હતો કારણ કે તેનો રંગ કાળો અને અવાજ કર્કશ હતો જ્યારે પોપટ રંગે, રૂપે, સુંદર અને આકર્ષક તથા સ્વરમાં મધુરો હતો. તેમ છતાં તે કદી પોતાને મળેલી સુંદરતાને માટે ઇશ્વરનો આભાર માનતો ન હતો. તેથી ઉલટું, કાગડો પોતાની પાસે જે હતું તેને માટે અને હવામાં મુક્ત ફરી શકવા માટે આભારી હતો. ખુશખુશાલ ચહેરે તે હમેશાં કહેતો, 'કાળો તો કાળો પણ ઉડી શકું છું ને!" આજે સુંદર દેખાતો પોપટ પાંજરામાં પૂરાયેલો જોવા મળે છે જ્યારે કાળો કાગડો ખૂલ્લી હવામાં મુક્તપણે ઉડે છે.

વાત નાની સરખી છે પણ જો ધ્યાન આપીએ તો આપણા જીવનને બદલી નાખવા તે સમર્થ છે. અંગ્રેજીમાં કહેવત છે, "Complain, and you remain down, but praise and you get raised"

જોઇસી જોવેટ ક્રિશ્ચિયન (૨૦૧) ૮૬૪-૪૮૧૬

## બાઈબલ અભ્યાસના પ્રશ્નો માર્ચ એપ્રિલ૨૦૨૦

(બાઈબલ કવીઝના જવાબો Mrs. Joycey & Jovet Christian, 500 Central Ave, Apt. # 510, Union City, NJ 07087 પર મોકલશો, (ફોન 201-864-4816). સહકાર બદલ હાર્દિક આભાર).

**ભાગ ૧: ગણના ૧૪-૩૬ અધ્યાયોમાંથી નીચેના પ્રશ્નોના ઉત્તર સંદર્ભ સાથે આપો.**

૧. વચનના દેશમાં કયા બે સેવકો પ્રવેશ પામી શક્યા?

૨ ચાળીસ દિવસનો પ્રવાસ કેટલા વર્ષ સુધી પાપની સજા ભોગવતા પસાર થયો?.

૩. દાથાન તથા અબિરામના પિતાનું નામ જણાવો.

૪. પરમ પવિત્ર અર્પણ ક્યાં અને કોને ખાવાની આજ્ઞા હતી?

૫. મરિયમ (મૂસાતથા હારુનની બહેન)નું મરણ ક્યાં થયું?

૬. હારુનનું મરણ કયા પર્વત પર થયું?

૭. એક ગધેડીને પ્રભુએ વાચા આપી તેના માલિકનું નામ આપો.

૮. વાક્ય પૂરૂ કરો, "ઇશ્વર માણસ નથી ...... ... ... બોલે, .: ... ... નથી કે ...... બદલે. પોતાનું વચન પાળે છે..

૯. પાણીના બાર ઝરા અને સિત્તેર ખજૂરીઓના વૃક્ષો કઈ જગ્યાએ આવેલાં હતાં? (આ પ્રશ્નનો જવાબ ગણના તથા નિર્ગમન બન્ને પુસ્તકોમાંથી મળી આવે છે).

૧૦. યહોવાએ મૂસાને કેટલાં આશ્રયનગરો આપવા જણાવ્યું?

**ભાગ-૨ નીચે આપેલ પ્રશ્નોના જવાબો માર્કની સુવાર્તાને આધારે સંદર્ભ સહિત જણાવો.**

૧. પ્રભુ ઇસુના કહેવા પ્રમાણે તેમના ભાઇ, બહેન કે મા કોણ હતાં?

૨. પ્રભુ ઇસુના ભાઇઓના નામ આપો.:

૩. કોની દીકરીએ યોહાન બાપ્તિસ્મીનું માથું કથરોટમાં માગ્યુ? .

૪. "છોકરાંની રોટલી લઈને કૂતરાંને ફેંકવી એ વાજબી નથી" આ વાક્ય કોણે કોને કહ્યું?

૫. પ્રભુ ઇસુ મરણમાંથી સજીવન થઈને અઠવાડિયાના પહેલા દિવસની પ્રભાતે કોને દેખાયા?

૬. અરિમથાઈના યૂસફ માટે એક જ કલમમાં ત્રણ બાબતો કહેવામાં આવી છે. આ ત્રણ બાબતો સંદર્ભ સાથે જણાવો .

## જાન્યુઆરી-ફેબ્રુઆરીના જવાબો અને ખરા જવાબો આપનારનાં નામો

<u>જવાબો:.</u>

**ભાગ-૧**

૧. લેવી — ગણના ૩:૧૩,૪૧,૪૫

૨. દ્રાક્ષારસ અને કેફી પીણું — ગણના ૬:૩

૩ ગણના ૬:૨૪-૨૬

૪. સળગવું — ગણના ૧૧:૩

૫ યહોશુઆ — ગણના ૧૧: ૮

૬. કિબ્રોથ-હાત્તાવા(લાલસાની કબરો) ગણના૧૧:૩૪

૭. નૂનના દીકરા હોશિયાનું નામ બદલીને યહોશુઆ પાડ્યું — ગણના૧૩:૧૬

<u>**ભાગ ૨**</u>

૧. માર્કની સુવાર્તામાં સૌથી ઓછા એટલે ફક્ત સોળ અધ્યાયો આવેલા છે.

૨. માર્કની સુવાર્તામાં લગભગ અઢાર ચમત્કારો છે.

૩. બે દમડી (એક અધેલો) — માર્ક ૧૨:૪૨.

૪. બેથાનિયામાં સિમોન કોઢિયાને ત્યાં માર્ક ૧૪:૩

૫. મગદલાની મરિયમ, યાકૂબની મા મરિયમ તથા શાલોમી — માર્ક ૧૬;૯

**જાન્યુઆરી-ફેબ્રુઆરી ના પ્રશ્નોના ખરા જવાબો આપનાર**

| | | |
|---|---|---|
| ૧ | સ્વાતિ ક્રિશ્ચિયન | કાર્ટરેટ, , ન્યુજર્સી |
| ૨. | ભાનુમતીબેન સી. ક્રીસ્ટી - | ઓન્ટેરીઓ, કેલિફોર્નિયા |
| 3 | રબેકાબેન ડાયલ | બ્રુકલીન, ન્યુયોર્ક |
| ૪. | સુસ્મિતા રાઠોડ | બ્રુકલીન, ન્યુયોર્ક |
| ૫. | રોઝમેરીબહેન હેમંત રાજુ, | એડીસન, ન્યુજર્સી |
| ૬. | સ્ટેલાબહેન પરમાર | નોર્થ બર્ગન, ન્યુજર્સી. |
| ૭. | લિલ્યનબહેન ક્રિસ્ | નોર્થ બર્ગન, ન્યુજર્સી |
| ૮ | તરૂલતાબહેન દાસ | નોર્થબર્ગન, ન્યુજર્સી |
| ૯ | કમલભાઇ રાઠોડ | સ્ટેટન આઇલેન્ડ, ન્યુયોર્ક |
| 10 | રીટાબહેન રાઠોડ | સ્ટટેન આઇલેન્ડ,ન્યુયોર્ક |

૧૧. રોમેશભાઈ સ્મિથ આસ્ટોડિયા, ન્યુયોર્ક
૧૨ વસુમતિ કુંજરાવિયા પુગપ્સ્કી, ન્યુયોર્ક

## મીઠા-મધૂર વચનો

મનુષ્ય જીવનમાં ઉતાર-ચઢાવ અને કડવી મીઠી યાદો આવ્યા જ કરે છે. પવિત્ર શાસ્ત્રમાં કેટલાંક જીવંત પાત્રો છે કે જે આપણને આપણા મુશ્કેલ પ્રસંગોમાં હિંમત હારી ન જતાં પ્રભુની સહાયથી તેનો સામનો કરવા શીખવે છે. યૂસફને તેના પોતાના જ ભાઇઓએ ઇર્ષાની આગમાં બળી મિદ્યાની વેપારીઓને વેચી દીધો અને તેમણે મિસરમાં પોટીફારને ત્યાં વેચ્યો. પણ યૂસફે હિંમત ન હારતાં પ્રભુની બીકમાં જીવન જીવવાનું. ચાલું રાખ્યું અને ઇશ્વરે યૂસફને ખૂબ જ આશિર્વાદ આપ્યો. ભાઇઓને પણ જીવાડનાર બનાવ્યો. તેણે તેના ભાઇઓને કહ્યું, "હું તમારો ભાઇ ... યૂસફ,....જ છું હવે તમે મને અહીં વેચી દીધો, એને લીધે દિલગીર ન થાઓ, કેમ કે જાન બચાવવાને ઇશ્વરે તમારી આગળ મને મોકલ્યો".
(ઉત્પતિ ૪૫:૫)

યહુદી પ્રજાનું નિકંદન કાઢવાનો પ્લાન થઈ ચુક્યો હતો. એસ્તર રાણીએ પોતાના જીવની પરવા કર્યા વિના રાજાને વિનંતી કરી, "હે રાજા....જો આપની મરજી હોય, તો મને જીવતદાન આપો, ...મારા લોક મને આપો,...." પરિણામે આખી ઇઝરાએલ પ્રજાન નાશમાં જતા બચી ગઈ. આવા દાખલાઓ આપણને ઉત્તેજન અને પ્રેરણા આપે છે. કે મુશ્કેલીના સમયમાં હિંમત ન હારતાં ઇશ્વરની પાસે જઈ દોરવણી માગવી.

જિવાય ગયેલા જીવનોની આ સાક્ષી છે. પ્રભુની પાસે જઈએ અને ઉતારને ચઢાવમાં તથા મુશ્કેલીઓને આશીર્વાદોમાં, ફેરવી નાખીએ. કારણ પ્રભુ આપણો આધાર અને રક્ષક અને મિત્ર છે.

ઇલા જોબર્ટ ક્રિશ્રિયન યુનિયન સીટી,(201)-330-0314

## દુખસહન સપ્તાહ

દુખ સહન સપ્તાહ દરમિયાન બનેલા બનાવો ઇશ્વરપિતાનો (માનવ પ્રત્યેનો) અમાપ્ય, બિનશરતિય, અનુકંપાથી ભરપૂર પ્રેમની સાક્ષી આપે છે. .

**ખજૂરીનો રવિવાર:** *યરૂશાલેમમાં પ્રવેશ.* પ્રભુ ઇસુ આ દિવસે ગધેડાના વછેરા પર રાજા તરીકે સ્વિકાર કરી ઇશ્વરનું રાજ્ય ન્યાય, નમ્રતા અને શાંતિનું છે તે બતાવે છે. માણસો "હોસાના"ના પોકારો કરે છે; ચાર દિવસો પછી "વધસ્તંભે જડાવો" નારા લગાવે છે. આપણા સબંધમાં શું? માત્ર હોઠોથી જ સ્વિકાર અને કર્તવ્યથી નકાર કે પછી વાણી વિચાર, કરણીઓથી ઇશ્વરને મહિમા આપતું જીવન જીવીએ છીએ? દુખ, વિપત્તિમાં પણ ઇસુની જેમ દેવને આધીન રહેવાથી કેવો અજાયબ જેવો આશિર્વાદ મળે છે તે શીખવા મળે છે.

**સોમવાર:** *મંદિરનું શુધ્ધિકરણ.*
ગરીબોનું શોષણ કરતા ધાર્મિક આગેવાનો પ્રત્યે પોતાનો રોષ ઠાલવે છે. અને મંદિરને "ચોરોનું કોતર" બનાવેલું જોઇને તેનું શુધ્ધિકરણ કરે છે.

**મંગળવાર:** *અંજીરીને શ્રાપ આપે છે*
ઇસુ જાણતા હતા કે તેમનો સમય પાસે આવ્યો છે અંજીરીના દ્રષ્ટાંત દ્વારા તે ફળવંત જીવન જીવવાનું શીખવે છે. (માત્થી ૨૧:૧૮-૨૨)

**બુધવાર:** *યહૂદા અને સભાસ્થાન ના અધિકારીઓ ઇસુને મારી નાખવાના કાવતરાની યોજના કરી.*
મુખ્ય યાજકો તથા શાસ્ત્રીઓ કેવી રીતે ઇસુને દગાથી મારી નાખવા તે વિષે શોધ કરતા હતા; યહૂદા ઇસ્કારિયોતે મુખ્ય યાજકો તથા સરદારોના હાથમાં ઇસુને શી રીતે સ્વાધીન કરવા, તે સંબંધી તેઓની સાથે મંત્રણા કરી..

**ગુરુવાર:** *મૌન્ડી થર્સડે*
આ દિવસે ત્રણ મહત્વની બાબતો બની.

૧. *સેવાનો નમૂનો:* ઇસુ શિષ્યોના પગ ધૂએ અને લૂછે છે. અને તેમને કહે છે, "... જેવું મેં તમને કર્યું તેવું તમે પણ કરો, એ માટે મેં તમને નમૂનો આપ્યોછે."
૨. *પ્રેમની આજ્ઞા:* યહૂદાના બહાર ગયા પછી, ઇસુ તેમના શિષ્યોને કહે છે, "હું તમને નવી આજ્ઞા આપું છું કે, તમે એકબીજા પર પ્રેમ રાખો. જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો તેવો તમે પણ એક્બીજા પર પ્રેમ રાખો."
૩. *પ્રભુભોજનની સ્થાપના:* પાસ્ખા પર્વને નવો અર્થ આપ્યો. પાસ્ખા પર્વની રોટલી ભાંગીને કહ્યું, "એ મારું શરીર છે, એને તમારે માટે ભાંગવામાં આવ્યું છે. મારી યાદગીરી માટે એ કરો." પ્યાલો લીધો અને કહ્યું, "આ પ્યાલો મારા રક્તમાં નવો કરાર છે; તમે જેટલીવાર એમાંનું પીઓ છો, તેટલી વાર મારી યાદગીરીને માટે તે કરો." જેઓ બીજાંઓની પ્રેમથી સેવા કરે છે, જેઓ ઇસુના શિક્ષણ પ્રમાણે ચાલે છે તેઓ આશિર્વાદિત જીવન જીવે છે. ઇસુ ગેથસેમાને વાડીમાં પોતાના ત્રણ શિષ્યો સાથે પ્રાર્થના કરવા જાય છે. તે જ રાત્રે ઇસુને પકડવામાં આવ્યા અને ઇસુને મુખ્યયાજકના ઘરમાં લઈ જવામાં આવે છે.

American Christian News

**Community Paper Soliciting Your Co-operation**

**.D.# 11-2917985 August 28, 1988**

**"Gujarati Christian Church". સરનામુ:** 17 Dart Mouth Ave, Avenel, NJ 07001-1804

પિલાત હેરોદ વગેરે સમક્ષ મુકાદમો ચાલે છે તેમની ઠઠ્ઠામશ્કરી કરવામાં આવે છે. મારવામાં આવે છે.. પિલાત ઇસુને મોતની સજા ફરમાવે છે.
*શુક્રવાર: ઇસુને વધસ્તંભે જડાવવામાં આવે છે.* ઇસુને વધસ્તંભે જડાવવા લઈ જવામાં આવે છે. ઇસુ વધસ્તંભ પરથી સાત વાણી ઉચ્ચારે છે. ચોરને પારાદેશનું વચન આપ્યું. બપોરના બારથી ત્રણ અંધકાર છવાઈ ગયો ઇસુએ પોતાનો પ્રાણ છોડ્યો. સૂબેદારે સાક્ષી આપી, "ખરેખર આ તો ન્યાયી માણસ હતા." મંદિરનો પડદો ફાટી ગયો, ધરતીકંપ થયો. અરીમથાઇના યૂસફ કે જે ન્યાયસભાના સભાસદ હતા તેમણે પિલાતની પાસે જઈ શબ માગ્યું. તેમણે અને નિકોદેમસે શબને સુગંધી દ્રવ્ય લગાડી, શણના કપડામાં લપેટીને નવી કબરમાં મૂકવામાં આવ્યું.
રવિવાર: *મરણ પર વિજય*
સજીવન પામેલા ઇસુ પ્રથમ મરિયમને, ત્યારબાદ જુદી જુદી વ્યક્તિઓને દર્શન આપે છે. પ્રભુ ઇસુએ માનવજાતના પાપની ખંડણી ભરી અને મૃત્યુ પર વિજય મેળવી શેતાનને હરાવ્યો

# વાચક મિત્રોને ઇસ્ટરની પ્રેમીસલામ

-----------------------------------------------

-----------------------------------------------

-----------------------------------------------